મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૩૬ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં હાટકેશ જયંતીની ઉમળકાભેર ઉજવણી

ગાંધીનગર, તા.૫

પાટનગરમાં ચૈત્ર શુકલ ચૌદશે બુધવારે શહેરમાં નાગર પરિવારો દ્વારા હાટકેશ જયંતીની ઉલ્લાસપુર્વક ઉજવણી કરાઈ હતી. નાગર પરિવારોના ઈષ્ટદેવ હાટકેશ દાદાની જયંતીનો ઉમળકો ઘરે ઘરે જોવા મળ્યો હતો. સવારથી જ લઘુરૂદ્ર પૂજા અને પધરામણીનો માહોલ જામ્યો હતો.

શહેરમાં સેકટર-૧૭ સ્થિત નર્મદેશ્વર મહાદેવના મંદિરમાં સવારથી જ પૂજાએ વાતાવરણને પવિત્ર બનાવ્યું હતું. નાગર પરિવારોએ પોતાની સંસ્કૃતિ અને વારસાને જાળવતા હાટકેશદાદાની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યું હતું. હાટકેશદાદાની પાલખી લઈને શોભાયાત્રા સાંજે ૫ કલાકે સે-૧૭ના નર્મદેશ્વર મંદિરમાંથી પ્રસ્થાન કરી સે-૧૭/૨૨ થઈ પંચદેવ મંદિર થઈ ચ-રોડને શોભાવતી પરત ફરી હતી. શોભાયાત્રામાં શિવભજનોથી વાતાવરણ ગાજી ઉઠયું હતું. પંચદેવ મંદિર પાસે શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, વડનગરા નાગર મંડળના પ્રમુખ પ્રહર અંજારિયા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, સાઠોદરા નાગર સમાજના મનોજ શુકલ, મુખ્ય જિલ્લા સરકારી વકીલ હિતેશભાઈ રાવલ અને જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડો.ચેતના બુચ સહિત અગ્રણીઓએ શોભાયાત્રાનું સ્વાગત કર્યું હતું. નાગર પરિવારોના પવિત્ર દિવસે વાર્ષિક બેઠકનું પણ આયોજન કરાય છે. જેમાં વિવિધ ચર્ચા વિચારણા અને નિર્ણયો કરાય છે. નાગર પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભાવેશભાઈ મહેતા દ્વારા બેઠકનું સંચાલન કરાયું હતું. હાટકેશ જયંતી નાગર પરિવારોનો પવિત્ર તહેવાર છે. જેમાં વડનગરા નાગર પરિવાર અને વિસનગરા નાગર પરિવારો પોતાના ઈષ્ટદેવ હાટકેશદાદાની પૂજા અને પધરામણી કરે છે.

જન્મદિને વધામણી

દીશા હાર્દિક શાહ
મો. ૯૪૨૯૬ ૨૧૪૧૯

જીનલ મુકેશભાઈ વાઘેલા

ધૃવિલ કે. થારેશા
મો. ૮૭૩૫૮ ૮૩૯૧૨

પ્રિયાંશી એ. પટેલ

તુલસી હાર્દિકકુમાર ભટ્ટ
મો. ૯૫૩૭૪ ૮૦૪૪૪

બિહોલા મિતેષસિંહ ભરતસિંહ
મો. ૯૧૭૩૭ ૩૪૫૫૫



ઈષાની પંકજકુમાર મેસરવાલા

કમલેશ બેન્કર

ગાંધીનગર જિલ્લાની અન્ડર-૧૬ ટીમનું ૨ ઉમીએ સિલેક્શન યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડેમી, ચ-૩ સર્કલ પાસે, સે. ૮ ખાતે આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટ માટેનું સિલેક્શન ટ્રાયલ યોજાશે. જેની લાયકાત મુજબ અન્ડર ૧૬ (૧-૯-૨૦૦૭ થી ૩૧-૯-૨૦૦૯ વચ્ચે જન્મેલા કિશોર) ખેલાડીઓ ભાગ લઈ શકશે. સિલેક્શન ટ્રાયલ તા. ૨૩ એપ્રિલ ૨૦૨૩ રવિવારે સવારે ૭ કલાકે યોજાશે. ગાંધીનગર જિલ્લા એસોસિએશનના પ્રમુખ મેહુલ પટેલના જણાવ્યા મુજબ ભાગ લેવા ઈચ્છતા અન્ડર-૧૬ ખેલાડીઓ ક્રિકેટના સફેદ ગણવેશમાં સવારે ૭ કલાકે હાજર રહેવું પડશે. ભાગ લેનાર ખેલાડીઓએ પોતાની ક્રિકેટ કીટ સાથે લાવવાની રહેશે.

ક્રિકેટ ટૂર્નામેન્ટના સિલેક્શન ટ્રાયલમાં અન્ડર-૧૬ના ખેલાડીઓએ કેટલીક સૂચનાઓનું પાલન કરવાનું રહેશે, જેમાં ખેલાડીઓએ આધારકાર્ડ, સ્કૂલનું ફોટાવાળુ બોનાફાઈડ સર્ટિફિકેટ ઓરીજનલ તથા ઝેરોક્ષ લાવવાની રહેશે. તેમજ ખેલાડી છેલ્લા બે વર્ષથી ગાંધીનગરમાં રહેતાં અથવા ભણતો હોવો જોઈએ. પ્રવેશ માટે મંગાવેલ પુરાવાઓ તથા ફોટો આઈડી કાર્ડ વગર કોઈપણ ખેલાડીને પ્રવેશ મળશે નહિ.

સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર દ્વારા શરુ કરાયેલ નવો B.E. HONORS/ MINOR PROGRAM

ગાંધીનગર, તા.૫

મેટલર્જી વિભાગ (NBA Accredited), સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર દ્વારા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી માન્યતા પ્રાપ્ત B.E. HONORS/MINOR PROGRAM "INDUSTRIAL BASED NON DESTRUCTIVE TECHNIQUES AND PRATICES ની ચાલુ સત્રથી શરૂઆત કરવામાં આવેલ છે. અદ્યોગિક એકમોમાં આ વિષયના ઈજનેરની ખુબજ જરૂરીયાત રહે છે. આ કોર્સ વિદ્યાર્થીઓને નોકરી અને ઉધોગ સાહસિકતા માટે ખુબજ ઉપયોગી થશે. મેટલર્જી વિભાગ ખાતે VIBRANT GUJARAT MOU હેઠળ શરુ કરવામાં આવેલ સેન્ટર ફોર ક્વોલીટી આ કોર્સની કાર્યશાળા માટે ઉપયોગી થશે. ઉપરોક્ત કોર્સ માટે કુલ ૧૫ વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવેલ છે. આ કોર્સ હેઠળ વિદ્યાર્થીઓને તેમના નિયમિત વિષય ઉપરાંત સેમેસ્ટર ૪ અને ૫ માં એક વિષય અને સેમેસ્ટર ૬માં બે વિષયનું અધ્યયન કરવાનું રહેશે. તેમજ સેમેસ્ટર ૭માં આ કોર્સને લાગતો એક MINOR PROJECT કરવાનો રહે છે. આ કોર્સની વધુ માહિતી માટે કોર્ડિનેટર ડૉ.એચ.એચ.જાદવ અને પ્રો. ડી.વી.મહંતનો સંસ્થા ખાતે સંપર્ક કરી શકાશે.

શ્રી વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા હાટકેશ જયંતી નિમિત્તે વિસનગરા નાગરના કુટુંબોના ઘરે હાટકેશદાદાની પધરામણીનો ઉત્સવ સવારે યોજાયો હતો.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં કેમ્પસ ઈન્ટરવ્યું યોજાયા

ગાંધીનગર, તા.૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આર.એચ.પટેલ ઈંગ્લીસ મીડીયમ બી.એડ કોલેજના પ્રશિક્ષણાર્થીઓને શિક્ષક બનવાની તક મળે તે હેતુથી કેમ્પસ ઈન્ટરવ્યુંનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસ ઈન્ટરવ્યું માટે ૨૩ જેટલી સ્કુલોએ ભાગ લીધો હતો. જેમાં બી.એડ, કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઈન્ટરવ્યું આપ્યા હતા.જેમાં તાલીમાર્થીની લાયકાતના આધારે ઉચ્ચ પગાર ધોરણ પર વિવિધ શાળાઓમાં તેમની પસંદગી કરવામાં આવી હતી.કેમ્પસ ઈન્ટરવ્યુંમાં વિવિધ સ્કુલોના ટ્રસ્ટીઓ અને પ્રિન્સિપાલો ઉપસ્થિત રહ્યા હતા. જેમને જરૂરિયાત પ્રમાણે યોગ્ય શિક્ષકો તૈયાર કરવા બદલ કોલેજ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયની પ્રશંશા કરી હતી. ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન.પ્રો.વીણાબેન પટેલે તાલીમાર્થીઓને શિક્ષક તરીકેની નિમણુક આપનારી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કેમ્પસ ઈન્ટરવ્યુંનું સમગ્ર આયોજન ડૉ.વિનીતા અડવાણી અને ડૉ.તૃપ્તિ ઠાકરે કર્યું હતું.

પાટનગરમાં ચૈત્રી વસંતી નવરાત્રીની પૂર્ણાહુતી

ગાંધીનગર, તા. ૫

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, સેક્ટર-૧, ગાંધીનગરના પરિજનોએ સમસ્ત ગાંધીનગર શહેરમાં આશરે ૧૫ થી ૧૭ સોસાયટીઓમાં ગાયત્રી ચાલીસાનું આયોજન કર્યુ હતુ. જેમાં કુડાસણ, સરગાસણ, ગાંધીનગરની અનેક સોસાયટીની ૫૦ થી ૬૦ બહેનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો.

ગાયત્રી પરિવાર લોકમંગલના કાર્યો સાથે સંસ્કૃતિને જીવંત રાખવાનો પ્રયત્ન કરે છે. ચૈત્રી નવરાત્રી અંતર્ગત ગાયત્રી ચાલીસાના આયોજનમાં ગાંધીનગરના ધર્મપ્રેમી લોકોનો ખુબ મોટો સહકાર રહ્યો હતો. વર્ષમાં આવતી બે મોટી નવરાત્રીમાં સામુહિક અનુષ્ઠાન કરવામાં આવે છે. જેમાં સહભાગી થવા ગાયત્રી શક્તિપીઠના ચેરમેને અખબારી યાદીમાં આમંત્રણ પાઠવ્યુ છે.

એસ.વી. સ્કૂલમાં 'વક્તૃત્વ' પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૫

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'વક્તૃત્વ' પ્રવૃત્તિ યોજાઈ ગઈ, જેમાં જુનિયર કે.જી. તથા સિનિયર કે.જી. ના બાળકોએ વિવિધ પ્રકારના વિષયો જેવા કે માય ફેમિલી, માય ફેવરીટ ટીચર, ગાર્ડન, વોટર, ધ ક્રો, શહીદ ભગતસિંહ, ટ્રી, ગૂડ હેબિટ્સ, માય પેરેંટ્સ, માય ગ્રાન્ડ પેરેંટ્સ, અવર નેશન વગેરે વિષયો ઉપર અદભૂત સ્પીચની રજૂઆત કરી હતી. અદભૂત છટા સાથે, આત્મવિશ્વાસથી ભરપૂર એવા બાળકોના આ પરફોર્મન્સને નિહાળીને સૌ કોઈ દંગ રહી ગયા હતા, જે બદલ શાળા પરિવારે બાળકોની સરાહના કરી હતી. બાળકોમાં રહેલી આંતરિક શક્તિને બહાર લાવવાના હેતુથી અને તેમનો સ્ટેજ ફિયર દૂર કરી, તેમનો આત્મવિશ્વાસ વધારવાના હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનોખો કાર્યક્રમ યોજી, પોતાના બાળકોને યોગ્ય મોકો આપવા બદલ વાલીમિત્રોએ પણ શાળા પરિવારનો આભાર માન્યો હતો.

વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે હેકોથોન સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૫

વિશ્વકર્મા સરકારી એન્જિનિયરિંગ કૉલેજના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી વિભાગ દ્વારા તા. ૩૧/૦૩ અને ૦૧/૦૪ ના રોજ ઈન્ડસ્ટ્રી પાર્ટનર FLITS સાથે મળીને HackVGEC - 2023 નું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેકાથોનમાં સમગ્ર ગુજરાતની ૧૦ અલગ અલગ કોલેજોમાંથી ૪૧ ટીમો અને કૂલ ૨૦૦ વિધ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં છ ટીમો વિજેતા જાહેર થયેલ હતી. હેકાથોનમાં બ્લોકચેન, સૉફ્ટવેર ડેવલપમેન્ટ, નેટવર્કિંગ, આઈઓટીવગેરે જેવા કુલ ૧૧ પ્રોબ્લેમ સ્ટેટમેંટ આપવામાં આવેલ હતાં. અલગ-અલગ ઈન્ડસ્ટ્રી નિષ્ણાતોની બનેલી પેનલે ત્રણ રાઉન્ડ દરમિયાન સર્જનાત્મકતા અને મૌલિકતાના આધારે વિદ્યાર્થીઓના પ્રોજેક્ટનું માર્ગદર્શન અને મૂલ્યાંકન કરેલ હતું. વિવિધ ટીમો દ્વારા રજૂ કરવામાં આવેલ નવીન ઉકેલોએ જ્યુરી સભ્યોને ખૂબ જ પ્રભાવિત કરેલ, અને જ્યુરી મેમ્બર્સના જણાવ્યા પ્રમાણે આજના યુવા વિદ્યાર્થીઓ પહેલેથી જ ઈન્ડસ્ટ્રી માટે તૈયાર થવાની અણી પર છે અને તેઓ પ્રતિભા શક્તિ અને કૌશલ્યના આધારે નવીન ઉકેલો સાથે જટિલ મુદ્દાઓને ઉકેલવાની ક્ષમતા ધરાવે છે.

શહેરમાં સ્ટ્રીટલાઈટનું સ્વિચ બોક્સ ખુલ્લુ હોવાથી સતત અકસ્માતનો ભય

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં સરગાસણ ખાતે શાંતિવિલા બંગ્લોઝની સામે સ્ટ્રીટલાઈટનું સ્વીચ બોક્સ તુટી ગયુ હોવાથી ખુલ્લું રહે છે. તે કરંટ લાગવા જેવો ગંભીર અકસ્માત સર્જી શકે છે. સ્ટ્રીટલાઈટને અડીને ખાણી-પીણી તેમજ શાકભાજીની લારીઓ અને દરજી-ધોબીના ગલ્લા છે. રખડતી ગાયો પણ ત્યાં અવર-જવર કરતી હોય છે. સ્ટ્રીટલાઈટનું ખુલ્લું સ્વીચ બોક્સ લોકો તેમજ ગાયો માટે જોખમી બની શકે છે.

આજે હનુમાન જન્મોત્સવ નિમિત્તે સુંદરકાંડના સંગીતમય પાઠ

ગાંધીનગર, તા.૫

પવિત્ર ચૈત્ર માસની પૂનમ એટલે શ્રી હનુમાન જન્મોત્સવ દિવસે નિમિત્તે સુંદરકાંડના સંગીતમય પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે સવારે ૯ કલાકે મુ.ગાંઠિયોલ, તા.ઈડર ખાતે સાંજે ૫-૦૦ કલાકે શ્રી સંકલ્પસિધ્ધ હનુમાનજી મંદિર, વિશ્વકર્મા શોપિંગની સામે સેકટર-૨૧ ખાતે આયોજિત શ્રી રામકથાના વિરામ અંતર્ગત તેમજ રાત્રે ૮-૩૦ કલાકે શ્રી સિદ્ધાર્થ સ્ટેટ્સ ફ્લેટ્સ, ન્યૂ વાવોલ ખાતે યોજાશે. ભાવિક ભક્તોને જાહેર આમંત્રણ પાઠવેલ છે.

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજનું કાર્બન ઓડીટ યોજાયું

ગાંધીનગર, તા.૫

તા. ૫/૪/૨૦૨૩ ના રોજ ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર ખાતેની પર્યાવરણ સંવેદનાને લાગતા કાર્યક્રમ કરતી પ્રવૃત્તિ 'ગ્રીન ક્લબ' દ્વારા સમગ્ર કોલેજનું 'કાર્બન ઓડિટ' કરવામાં આવ્યું હતું. આ ઓડિટની પ્રક્રિયા ગુજરાત સરકારશ્રીના ઉર્જા વિભાગ દ્વારા નિયત માપદંડો થકી તેમના દ્વારા માન્ય નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ ક્લબના ૩૪ ગ્રીન વોલન્ટીયરસે આ ઓડીટમાં ઉત્સાહભર ભાગ લઈ કોલેજના વિવિધ ડિપાર્ટમેન્ટ્સ, રૂમ્સ, ઓફીસીસ, લાઈબ્રેરી આદિમાં વપરાતા વીજ ઉપકરણોનું ઓડિટ કરીને રિપોર્ટ તૈયાર કર્યો હતો. સમગ્ર ઓડીટની દેખરેખ અને સંચાલન 'ગ્રીન ક્લબના' કોર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરા દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ કોલેજના આચાર્ય ડો. હરિતભાઈ પટેલ તેમ જ ગ્રીન ક્લબના સભ્યોએ પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

સે-૨૪માં ફન્ટાસ્ટિક ચિત્ર સ્પર્ધા બોરિજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વિજેતા

ગાંધીનગર, તા.૫

તાજેતરમાં સેક્ટર-૨૪ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત, યુરોકિડ્સ પ્રી સ્કૂલનાં સહયોગથી ફન્ટાસ્ટિક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોરિજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર : જયેશ ઠાકોર, ઉષા મકવાણા, તુલસી ઠાકોર, સુજલ વાઘેલા, ભાગ્યશ્રી ગોહિલ, પ્રિન્સ પરમાર અને ઝંખના વણકર આ તમામ વિદ્યાર્થીઓએ પોતાની કલા તથા આવડત વડે અલગ-અલગ વિષયો પર સુંદર ચિત્ર દોરી પોતાની કૃતિ તૈયાર કરી હતી અને દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. બોરિજ પ્રાથમિક શાળાના આચાર્ય અને આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગરે અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

હનુમાન જયંતિએ સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૫

સંતશ્રી ગોસ્વામી તુલસીદાસ રચિત 'રામાયણ' પંચમ સોપાન 'સુંદરકાંડ પાઠ'નું જાહેર આયોજન યુવા કથાકાર ગોસ્વામી સંજય ભારતીબાપુની વ્યાસપીઠે તારીખ ૬-૪-૨૩, ગુરૂવારે યોજાશે. સવારે ૯ કલાકે સ્થળ હનુમાનજી મંદિર, વિઠોડા, ગામ-ખેરાલુ, બપોરે ૩ કલાકે સ્થળ શ્રી રામજી મંદિર, દરબાર ભાગોળ, કોલવડા સાંજે ૬ કલાકે સ્થળ પ્લોટ નં. ૭૦૪/૨ કિસાનનગર, સેકટર-૨૬ ગાંધીનગર રાત્રે ૯ કલાકે સ્થળ શ્રી બાલાજી મંદિર, માંડવી ચોક, રાંધેજા ગાંધીનગર ખાતે રાખેલ છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.શાહ નલીની વિજયભાઈ ઉ.વ.૮૪, ગાંધીનગર
- સ્વ.ઠાકોર શકરાજી મોહનજી ઉ.વ.., ગાંધીનગર